હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમે પણ નવરાત્રીની પ્રેક્ટીસ કરતા પણ... કપડા પહેરી ને...!!

ચિલોડા ખાતે રખડતી ગાયો પૈકી એક ગાયને લમ્પી વાયરસગ્રસ્ત પશુને રસીકરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યમાં અમુક જિલ્લામાં ગાયોમાં લમ્પી વાયરસના ભરડામાં મોતના મોંમાં આવી ગયા છે. ત્યારે ચિલોડા ખાતે અગાઉ રખડતા ગાયોમાં લમ્પી વાયરસની અસરો જણાતાં પશુ ચિકિત્સકતંત્ર દ્વારા ૪૦૦થી વધુ પશુઓને રસીકરણ ઝુંબેશ આદરી હતી. ત્યાર બાદ છેલ્લા ચાર દિવસ બાદ એક રખડતી ગાયને લમ્પી વાયરસની અસર જણાતાં જાગૃત સરપંચ દ્વારા આ ગાયને શોધવા ત્રણ ચાર દિવસ ગામના વિસ્તારમાં ઝુંબેશ ચલાવી હતી અને હરતુ ફરતુ એનિમલ એમ્બ્યુલન્સને જાણ કરી તેમના દ્વારા આ લમ્પીગ્રસ્ત ગાય મળી આવતાં તેનું તંત્ર દ્વારા રસીકરણ કરવામાં આવ્યું હતું.

ચિલોડા ગ્રામ પંચાયત ખાતે વેક્સિનેશન અને આયુષ્યમાન કાર્ડનો કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના જંકશન મથક ગણાતું વાણિજ્યક્ષેત્ર તેમજ વિશાળ સર્કલ ધરાવતું ગામ ચિલોડા દિન પ્રતિદિન પ્રગતિના સોપાનો સર કરી રહ્યું છે. સૌનું આકર્ષણ કેન્દ્ર સમા ચિલોડામાં સ્થાનિક આરોગ્ય શાખા દ્વારા કોરોના વિરોધી વેક્સિનેશનની કામગીરીનું સુંદર આયોજનનો તબક્કાવાર લાભ ગ્રામજનો લઈ રહ્યા છે. ત્યારે સરકારની તબીબીક્ષેત્રે પી.એમ.જે.વાય. યોજના અંતર્ગત તબક્કાવાર આયુષ્યમાન કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો જરૂરી આવકનો દાખલો, રેશનીંગ કાર્ડ તેમજ આધાર કાર્ડની સરળતા હોવાથી કેમ્પનો લાભ લાભાર્થીઓ લઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં સક્રિય યુવા સરપંચ જયમીનભાઈ પટેલ, ડૉ. કૌશલ નાયક તથા પી.એલ.વી. નટુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કેમ્પનુ સફળ આયોજન બિરદાવવાલાયક ગણી શકાય.

શહેરમાં માજી સૈનિકોનું આંદોલન યથાવત

ગાંધીનગર,તા.૧૪

પોતાની ૧૪ પડતર માંગણીઓ લઈ રાજયભરમાંથી માજી સૈનિકો ગઈકાલે ચિલોડા ખાતે ઉમટી પડ્યા હતા. ત્યારે આંદોલનમાં એકઠા થયેલા નિવૃત લશ્કરી જવાન કાનજી મોથલીયાનું અચાનક અવસાન થતા માજી સૈનિકોનું આંદોલન વધુ ઉગ્ર બની જવા પામ્યું છે. સિવિલ બાદ સૈનિકોએ સચિવાલયના ગેટ નં-૧ ની સામે અડીંગો જમાવ્યો હતો. જેથી પોલીસે પણ સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવી નાંખ્યો છે. ત્યારે સરકાર જયાં સુધી લેખિત જીઆર નહી કરે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું. જયારે માજી સૈનિકો ન્યાય માટે અન્ન અને જળનો ત્યાગ કર્યો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સચિવાલય ગેટ નં-૧ પાસેથી ઉભા થયેલા સૈનિકો સાંજના સમયે ગેટ નં-૬ ખાતે પણ પ્લેકાર્ડ દર્શાવી સુત્રોચ્ચાર કર્યા હતા.

મળતી વિગત મુજબ ગાંધીનગરના સચિવાલય ગેટ નં-૧ ની સામે આંદોલને ફરીવાર વેગવાન બન્યું છે. પોતાની માંગોને લઈ ફરીવાર એનએચમીના કર્મચારી ફરીવાર દેખાવો કરી રહ્યા છે. પોતાની માંગણીઓ લઈને માજી સૈનિકો સરકાર સામે વિરોધ નોંધાવી રહ્યા હતા. તે સમયે એક નિવૃત આર્મી જવાનનું મૃત્યુ થયું હતું. સિવિલ હોસ્પિટલ ખાતે રાજકીય પક્ષના આગેવાનો પણ દોડી આવ્યા હતા. માજી સૈનિકો મોડીરાત સુધી રકઝક બાદ અંતે પરિવારજનોએ મૃતક નિવૃત જવાનનો મૃતદેહ સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ સવારથી સચિવાલયના ગેટ નં-૧ પાસે આંદોલન શરુ કર્યુંછે. માજી સૈનિકના પડતર પ્રશ્નોનો સરકાર સ્વીકાર કરે તેમ ઈચ્છી રહ્યા છે. રાજય સરકાર સામેથી આવી જીઆર નહી કરી આપે ત્યાં સુધી આંદોલન શરુ રાખવામાં આવશે તેવો હુંકાર માજી સૈનિકો દ્વારા કરવામાં આવ્યો છે.ત્યારે મોડીસાંજે સચિવાલય ગેટ નં-૬ પાસે માજી સૈનિકો દ્વારા વિરોધ કરી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

પૂર્વ સૈનિકોના આંદોલન દરમ્યાન માજી સૈનિક કાનજીભાઈ મોથલિયાનું અવસાન થતાં આ મામલે આમ આદમી પાર્ટીએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ છે. આમ આદમી પાર્ટીએ આ મામલે ઉગ્ર સ્વરૂપ અપનાવ્યુ છે.

સિવિલમાં નેશનલ હેલ્થ મિશનનો નર્સિંગ સ્ટાફ પગારથી વંચિત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફના કર્મચારીઓનો છેલ્લા બે માસથી પગાર ન થતા હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે એન.એચ.એમ.ના નર્સિંગ કર્મચારીઓએ તબિબિ અધિક્ષકને પગાર ઝડપી થાય તે માટે લેખિત રજુઆત કરી છે. મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વિવિધ વિભાગમાં મળી કુલ-૨૨ જેટલી નર્સિંગ સ્ટાફની બહેનો ફરજ બજાવે છે. ત્યારે વર્ષ ૨૦૨૨ ના માર્ચ માસથી તેઓનો પગારમાં સતત અનિયમિતતા આવતી જાય છે. જુલાઈ અને ઓગસ્ટ માસનો પગાર સપ્ટેમ્બર માસ અડધો થવા આવ્યો છતા થયો નથી. ત્યારે કારમી મોંઘવારીમાં નર્સિંગ સ્ટાફની બહેનોને ઘર કેમ કરીને ચલાવવુ તે મુશ્કેલીરૂપ બન્યું છે. હાલના સમયે નેશનલ હેલ્થ મિશનના નર્સિંગના સ્ટાફના કર્મચારીઓ અન્ય સ્ટાફના કર્મચારીઓ કે મિત્ર વર્તુળ પાસેથી રૂપીયા ઉધાર લેવાની ફરજ પડી રહી છે. ત્યારે એનએચએમના કર્મચારીઓએ પગાર અંગે રજુઆત કરવા છતા આજદિન સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે સિવિલમાં ફરજ બજાવતી એનએચએમની સ્ટાફના કર્મચારીઓ પગાર સત્વરે થાય તે અંગે લેખિત રજુઆત કરી છે. જયારે એ.એચ.એ. અને આરડીડી ઓફિસમાં રજુઆત કરતા છતા પગાર અંગે સંતોષકારક જવાબ મળતો ન હોવાનું કર્મચારીઓ જણાવી રહ્યા છે. ત્યારે એનએચએમના નર્સિંગ સ્ટાફના કર્મચારીઓનો પગાર ઝડપી થાય તે મુદ્દે સિવિલના સત્તાધિશને રજુઆત કરાઈ છે.

ખોરજ કંટેનર ડેપો પાસેથી ચોરીના બાઈક સાથે બે શખ્સ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ખોરજ કંટેનર ડેપો પાસેથી અડાલજ પોલીસે બાતમીને પગલે ચોરીના બાઈક સાથે બે શખ્સને ઝડપી પાડ્યા છે. પોલીસે બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ આશિષકુમાર અને જયેન્દ્રસિંહને બાતમી મળી હતી કે બે શખ્સો જેમાં એક શખ્સે શરીરે કાળા કલરની ટી શર્ટ અને જીન્સ પેન્ટ પહેરેલ છે. તેમજ બીજા શખ્સે વાદળી કલરની ટીશર્ટ અને જીન્સ પેન્ટ પહેરેલ છે.બંને શખ્સ કાળા કલરનું નંબર વિનાનુ ચોરીનું સ્પ્લેન્ડર બાઈક લઈને કંટેનર ડેપો તરફથી વૈષ્ણોદેવી સર્કલ તરફ જવાના છે. જે બાતમીને પગલે ખોરજ કંટેનર ડેપો પાસે પોલીસે વોચ ગોઠવી દીધી હતી. ત્યારે થોડીવારમાં ઉપરોકત વર્ણનવાળા બે શખ્સ સ્પ્લેન્ડર બાઈક લઈને આવતા પોલીસે પકડી પાડી ચાલકનું નામ પુછતા તેણે અમિતાભ નરદેવસિંગ અણરદાસ શીખ (ઉં.૩૦ ધંધો-મજુરી રહે-સંઘવાલ તા.હાજીપુર, જી-હોશિયારપુર પંજાબ) અને પાછળ બેઠેલ શખ્સે પોતાનુ નામ ગુરવિંદરસિંગ બલદેવસિંગ શીખ (ઉં.૨૭, રહે ઓજલા મોહબતનગર ગલી નં-૩ જી કપુરથલા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઈકના કાગળો માંગતા તેઓએ તેમની પાસે નહી હોવાનું કહ્યું હતું. જેથી પોલીસે તપાસ કરતા આ બાઈક દસક્રોઈ તાલુકાના કમોડ થી ચોરી થયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે થયેલા હળવા વરસાદને પગલે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ જવા પામ્યા છે.
- વિકાસકામો અંગે જે કોન્ટ્રાક્ટરોની મુદત પૂર્ણ થાય છે તેમની મુદતમાં કોઈ વધારો નહિ કરવાનો બાંધકામ સમિતિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૧ ડિગ્રીએ પહોંચ્યો હતો પરંતુ તે ૪૧ ડિગ્રી તાપમાન જેવો અનુભવ નગરવાસીઓએ કર્યુ હતુ
- રાજ્યને ટી.બી. મુક્ત બનાવવાના અભિયાન અંગે આજે રાજ્યકક્ષાએથી જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- ગાંધીનગર સહિત ગાંધીનગર વિભાગમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ અંગે વિભાગીય આરોગ્ય નિયામકે આજે ગુગલમીટથી સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેક્ટરે આજે બપોર પછીની યોજાયેલી બેઠકો રદ કરતાં અનેક તર્ક-વિતર્ક તંત્રના અધિકારીઓમાં ચર્ચાનો મુદ્દો બન્યા હતા.
- ગાંધીગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૦૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- દહેગામ-નરોડાના ૧૨ કિ.મી.ના રસ્તામાં ૭૫ ખાડા અને ૫૫ જગ્યાએ ડિવાઈડરનું કામ પૂર્ણ થાય તે પહેલાં તુટી જતાં આ વિકાસ કેવો તેની ચર્ચાએ લોકોમાં જોર પકડ્યુ છે.
- વાવોલમાં આજે રખડતી ગાયોને લઈ ત્રણ એક્ટીવા સવારો ઈજાગ્રસ્ત થતાં ગ્રામજનોમાં ભયની લાગણી છવાઈ છે.
- વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના સ્થાપક વ્રજરાજ કુમારજીની ઉપસ્થિતિમાં સે. ૧૨ ખાતે વચનામૃતનું આયોજન કરાયુ હતુ.

સાબરમતી યુનિવર્સિટીમાં હિન્દી દિવસની ખાસ ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

૧૪ સપ્ટેમ્બરે જ્યારે હિન્દી દિવસની ઉજવણી આખા દેશમાં કરવામાં આવી હતી ત્યારે ગાંધીનગર સ્થિત સાબરમતી યુનિવર્સિટીમાં પણ હિન્દી દિવસ ઉજવાયો હતો. હિન્દી ભાષાનું મહત્વ તેમજ હિન્દીને બોલચાલની ભાષામાં કેવી રીતે સરળતાથી રજૂ કરી શકાય તે આ ઉજવણીનો મુખ્ય હેતુ હતો. આ પ્રસંગે સાબરમતી યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ફેકલ્ટી મેમ્બર્સ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. જ્યોતિ શ્રીવાસ્તવ દ્વારા હિન્દી ભાષાનો વ્યાપ તેમજ હિન્દી ભાષાના વિવિધ લેખકો અને હિન્દી ભાષાના વિવિધ સાહિત્યો વિશે ઉંડી ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ યુનિવર્સિટીના ડીન-એકેડેમિક્સ ડૉ. પરશુરામ ધાકડ દ્વારા હિન્દી દિવસના ઈતિહાસ વિશે ખાસ વાત કરી હતી. એજ્યુકેશન વિભાગના અધ્યક્ષ ડૉ. રચના મિશ્રા દ્વારા હિન્દી ભાષાના નામાંકિત કવિ હરિવંશરાય બચ્ચનની કવિતા પર વાત કરી હતી સાથે જ તેમની કવિતા સંભળાવવામાં આવી હતી. હ્યુમેનિટિઝ એન્ડ સોશિયલ સાયન્સના ડિરેક્ટર ડૉ. વિશાલ ગુપ્તા દ્વારા ભારતીય ચલચિત્રોના ઈતિહાસની વાત કરીને કેવી રીતે હિન્દીનું તે સમયથી મહત્વ વધતું ગયું છે તેના વિશે રસપ્રદ વાત કરી હતી. સાથે જ અન્ય ફેકલ્ટી મેમ્બર ડૉ. સાહિલ શ્રીવાસ્તવ, ડૉ. કૃષ્ણા ચેટ્ટી, ડૉ. અંશુલ રાજાવત, ડૉ. મુક્તા અગ્રવાલ, ડૉ. ભારતી તિવારી, ડૉ. સુમન મિશ્રા અને ડૉ. રિના વિહોલ દ્વારા હિન્દી અને તેના મહત્વ તેમજ વિવિધ ક્ષેત્રોમાં હિન્દીના વધતા જતા વ્યાપ વિશે ઉંડાણમાં ચર્ચા કરાઈ હતી.

સેકટર-૨૪ માં ખાડામાં ગાય ફસાઈ

શહેરના સેકટર-૨૪ ખાતે હનુમાનજી મંદિર સામે ખોદેલા ખાડામાં ગાય ફસાઈ ગઈ હતી. જયારે ગાયને ખાડામાંથી બહાર નીકાળવા માટે કેટલાક ગૌભકતો કામે લાગ્યા હતા.

સોનીપુરની બે આંગણવાડીમાંથી બે ગેસના બાટલાની ચોરી

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગરના સોનીપુર ગામની બે આંગણવાડીના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી ચોર શખ્સોએ રસોડામાંથી ગેસના બે સિલિન્ડરની ચોરી કરી નાસી ગયા હતા. જયારે તસ્કરો જતા જતા દરવાજાને સ્ટોપર મારીને ગયા હતા. ગેસ સિલિન્ડરની ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા કેટલાક સમયથી પડતર માંગણીઓ મુદ્દે આંગણવાડી મહિલા કાર્યકરોની હડતાળ ચાલી રહી છે. જેથી આંગણવાડીઓને તાળા મારી દેવામાં આવ્યા છે. જેથી ગ્રામ્ય વિસ્તારમાં બંધ આંગણવાડીમાંથી ગેસના બાટલાની ચોરીના કિસ્સા વધી રહ્યા છે. તાજેતરમાં કોલવડા ગામની આંગણવાડીના તાળા તોડી ચોર શખ્સો ગેસના બાટલાની ચોરી કરી ભાગી ગયા છે. ત્યારે હવે સોનીપુર ગામની બે આંગણવાડીમાંથી ગેસના બાટલાની ચોરી થવા પામી છે. સોનીપુર ગામમાં રહેતા કિંજલબેન ઠાકોર છેલ્લા ત્રણ માસથી ગામની આંગણવાડીમાં કાર્યકર તરીકે ફરજ બજાવે છે. જયારે તેમની સાથે આંગણવાડી હેલ્પર તરીકે આરતીબેન ઉમેશકુમાર પ્રજાપતિ (રહે-નારદીપુર) છેલ્લા બાર વર્ષથી નોકરી કરે છે.ગત તા.૧૨ સપ્ટેમ્બરના રોજ સવારના આઠ વાગ્યાના અરસામાં કિંજલબેન ઘરે હાજર હતા. તે સમયે ગામના સરપંચ મહેશજી ચંદુજી ઠાકોરે ફોન કરીને આંગણવાડીનું તાળુ તુટ્યાની જાણ કરી હતી. જેથી કિંજલબેન તાત્કાલીક આંગણવાડી ખાતે દોડી ગયા હતા. ત્યાં જઈને જોયુ તો આંગણવાડીનું તાળુ નીચે પડ્યુ હતું અને લોખંડના દરવાજાને સ્ટોપર મારેલી હતી. જે સ્ટોપર ખોલ તેઓ અંદર જઈને તપાસ કરી હતી. ત્યારે અંદર તમામ સામાન યથાવત પડ્યો હતો. પરંતુ ગેસનો બાટલો જોવા મળ્યો ન હતો.જેથી તેમણે હેલ્પર તરીકે કામ કરતા આરતીબેનને પણ જાણ કરી હતી. કિંજલબેને આંગણવાડી-૧ ના કાર્યકર સોનલબેન વ્યાસ (રહે રૂપાલ) ને ફોન કર્યો હતો. તેઓએ પણ કહ્યું કે તેમની આંગણવાડીનું પણ તાળુ તુટેલુ છે અને ગેસનો બાટલો ચોરી થયો છે. જયારે અન્ય સામગ્રી યથાવત રહી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.